# વિકસિત ભારત 2047: માનવ વિકાસ સૂચકાંક (HDI) દ્વારા પ્રગતિનું માપન

**Dr. Rasik V. Makvana**
**(Adhyapak Sahayak)**
**PRB Arts and PGR Commerce**
**College, Bardoli**
**Email:- rasikmakvana@gmail.com**
**0009000054814155**

**Abstract:**

વિકસિત ભારત : 2047 ભારતની સ્વતંત્રતાના 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ઘડાયેલો રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ છે. ભારત 1947માં બ્રિટનની રાજકીય ગુલામીમાંથી મુક્ત થયો હતો. આ સમયે અંગ્રેજોએ દ્વારા ભારતને આર્થિક રીતે પાયમાલ કરી દીધો હતો. આઝાદીના સમયે ભારત અલ્પવિકસિત દેશ તરીકેની જર્ની ચાલુ કરી હતી. આઝાદીના 100 વર્ષ માટે વિકાસનો ગોલ રાખવામા આવ્યો છે. સાથે માત્ર GDP વૃદ્ધિ પૂરતી ન ગણાય. માનવ કલ્યાણનું સમય સાથે માપન જરૂરી છે. HDI આ દિશામાં સર્વાંગી અને તુલનાત્મક સાધન પૂરું પાડે છે. આ અભ્યાસમાં ભારત સરકારની આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સમગ્ર શિક્ષા અભિયાન અને ડિજિટલ ઈન્ડિયા અને સીધી લાભ હસ્તાંતરણ જેવી પહેલનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. સાથે UNDP દ્વારા બહાર પાડવામાં આવતો માનવ વિકાસ આંક વર્ષ 2020 થી 2024 સુધીના વૈશ્વિક કામાંકમાં ભારતનો ક્રમ, HDI મૂલ્ય, અપેક્ષિત આયુષ્ય, શિક્ષણના અપેક્ષિત વર્ષો અને માથાદીઠ આવકનું વાસ્તવિક ડેટાના આધેરે વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને સાથે નીતિગત સૂચનો પણ આપવામાં આવ્યા છે.

## 1. પરિચય Introduction:

વિકસિત ભારત:2047 ભારતની સ્વતંત્રતાના 100 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ઘડાયેલો રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ છે. માત્ર GDPની વૃદ્ધિ પૂરતી ન ગણાય પરંતુ માનવ કલ્યાણનું માપન પણ જરૂરી છે. ભારત 2047 સુધીમાં વિકાસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય ધરાવે છે. આ અભ્યાસમાં માનવ વિકાસ સૂચકાંકને મુખ્ય માપદંડ તરીકે અપનાવવવામાં આવ્યો છે. તેના આધારે ભારતની પ્રગતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આરોગ્ય, શિક્ષણ અને આવક આ ત્રણ સ્તંભો પર આધારિત માનવ વિકાસ સૂચકાંક (HDI) દ્વારા સમયગત પ્રગતિ, ભારત સરકારની મુખ્ય ત્રણ નીતિ અસરનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમાં. આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સમગ્ર શિક્ષા અભિયાન અને ડિજિટલ ઈન્ડિયા અને સીધી લાભ હસ્તાંતરણ યોજના (DBT)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

## 2. સાહિત્ય સમીક્ષા Review of literature:

માનવ વિકાસ સૂચકાંક વિકાસનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરવા માટેનો એક મહત્વપૂર્ણ અને વ્યાપક સ્વીકૃત સૂચકાંક છે. સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા 1990માં મહબૂબ-ઉલ-હક અને અમર્ત્ય સેનના વિચારોથી પ્રેરિત થઈને HDIની સંકલ્પના રજૂ કરવામાં આવી હતી. આ

સૂચકાંક વિકાસને માત્ર આવક અથવા GDP સુધી સીમિત ન રાખીને આરોગ્ય, શિક્ષણ અને જીવન ધોરણ જેવા માનવીય પાસાઓ સાથે જોડે છે.

**1. Human development report 2020 – 21 to 2023–24**

UNDPના 2020-21 થી 2023- 24ના HDI રિપોર્ટ પ્રમાણે ભારત દેશમાં 2020 થી 2021 દરમિયાન HDI માં ઘટાડો થયો જોવા મળે છે. ખાસ કરીને COVID-19 મહામારી અને તેની અસરના કારણે આ ઘટાડો નોધાયો હોય તેવું જણાય છે. 2022માં HDI ફરી આગળ વધ્યો અને જીવન અપેક્ષા, શિક્ષણ અને આવકમાં સુધારો નોંધાયેલો જોવા મળે છે. 2023નો ડેટા દર્શાવે છે કે HDI વધુ તેજીથી વધી રહ્યો છે 0.685 સુધી પહોંચ્યો, જે medium development કેટેગરીમાં છે પરંતુ high development 0.700+ ની બાજુમાં છે. જે દેશોએ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સતત રોકાણ કર્યું છે, ત્યાં માનવ વિકાસમાં નોંધપાત્ર સુધારો જોવા મળે છે. આ અહેવાલો દર્શાવે છે કે, આર્થિક વૃદ્ધિ હોવા છતાં જો શિક્ષણ અને આરોગ્યમાં સમતોલ વિકાસ ન થાય તો HDIમાં અપેક્ષિત વધારો થતો નથી. ભારત સંદર્ભે, UNDPના અહેવાલોમાં ભારતને “મધ્યમ માનવ વિકાસ” શ્રેણીમાં દર્શાવવામાં આવ્યું છે.

**2. NITI Aayog. (2022). India’s SDG index 2020–21**

NITI Aayog દ્વારા પ્રકાશિત વિવિધ અહેવાલો અને SDG ઇન્ડેક્સ રિપોર્ટ્સ વિકાસને બહુઆયામી રીતે માપવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. NITI Aayogના અભ્યાસોમાં પ્રાંતીય અસમાનતાઓ પર ખાસ ધ્યાન અપાયું છે અને સૂચવાયું છે કે રાજ્યો વચ્ચે આરોગ્ય, શિક્ષણ અને આવકમાં વિશાળ તફાવત HDI સુધારામાં મુખ્ય અવરોધરૂપ છે. આ અભ્યાસો વિકાસ માટે રાજ્ય-વિશિષ્ટ નીતિઓની જરૂરિયાત દર્શાવે છે.

**3. Economic survey 2023–24 Government of India.**

ભારત સરકાર દ્વારા પ્રકાશિત Economic Survey of Indiaમાં માનવ વિકાસ અને આર્થિક વૃદ્ધિ વચ્ચેના સંબંધનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ સર્વે દર્શાવે છે કે શિક્ષણમાં રોકાણ, આરોગ્યસેવાઓનો વિસ્તાર અને સામાજિક સુરક્ષા યોજનાઓ માનવ મૂડીના વિકાસ માટે અનિવાર્ય છે. આ દૃષ્ટિકોણ વિકસિત ભારત: 2047ના લક્ષ્યો સાથે સુસંગત છે.

**4. Statistical year book India 2023–24. Ministry of Statistics and Programme Implementation, Government of India.**

Ministry of Statistics and Programme Implementation, Government of India. (National Statistical Office) દ્વારા પ્રકાશિત Statistical year book India 2023–24 આંકડાઓ

જીવન અપેક્ષા, સાક્ષરતા દર અને આવક સ્તર માટે આધારભૂત માહિતી પૂરી પાડે છે. NSOના ડેટા પરથી સ્પષ્ટ થાય છે કે ભારતે આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે,

આમ, સાહિત્ય દર્શાવે છે કે HDI ભારતના વિકાસનું મૂલ્યાંકન કરવા માટે એક અસરકારક સાધન છે. જોકે, વિકસિત ભારત: 2047ના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે માત્ર રાષ્ટ્રીય સરેરાશ પર આધાર રાખવાને બદલે, પ્રાંતીય અને સામાજિક અસમાનતાઓ ઘટાડવા માટે, જીવન ધોરણ સુધારવા માટે, શિક્ષણક્ષેત્રે પ્રગતિ સાધવા માટે અને આરોગ્યમાં સુધારો કરવા માટે કેન્દ્રિય નીતિગત હસ્તક્ષેપ જરૂરી છે. આ સંશોધન પેપર HDIના માધ્યમથી ભારતની વિકાસ યાત્રા વિકસિત ભારત:2047નું  વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરે છે. સાથે આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, સમગ્ર શિક્ષા અભિયાન અને ડિજિટલ ઈન્ડિયા અને સીધી લાભ હસ્તાંતરણ યોજના (DBT)નો વિશ્લેષણ  કરવામાં આવ્યું છે.

## 3. હેતુઓ Objectives:

1. ભારતની HDI પ્રગતિનું સમયગત મૂલ્યાંકન કરવું.
2. HDIના ત્રણ ઘટકો આરોગ્ય, શિક્ષણ, આવકમાં સરકારની નીતિ-અસરનું વિશ્લેષણ કરવું.
3. 2047 સુધી HDI સુધારણા માટે વ્યૂહાત્મક સૂચનો રજૂ કરવું.

## 4. સંશોધન પ્રશ્નો (Research Questions)

RQ1. ભારતે છેલ્લા પાંચ વર્ષમાં માનવ વિકાસ સૂચકાંક (HDI) માં કેટલો અને કઈ દિશામાં પ્રગતિ કરી છે?

RQ2. મુખ્ય સરકારી નીતિઓ જેમ કે આયુષ્માન ભારત, સર્વશિક્ષા અભિયાન અને ડિજિટલ ઇન્ડિયા HDIના ઉપસૂચકો પર કેવી અસર કરે છે?

RQ3. વિકસિત ભારત 2047ના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વર્તમાન HDI વૃદ્ધિ દર પૂરતો છે કે નહીં?

## 5. સંશોધન પદ્ધતિ Methodology

### 5.1. સંશોધનનું સ્વરૂપ

આ અભ્યાસ વર્ણનાત્મક (Descriptive) તેમજ વિશ્લેષણાત્મક (Analytical) સ્વરૂપનો છે. સંશોધનનો મુખ્ય હેતુ માનવ વિકાસ સૂચકાંક (HDI) દ્વારા ભારતની પ્રગતિનું મૂલ્યાંકન કરવું તથા વિકસિત ભારત 2047ના સંદર્ભમાં નીતિગત અસરનું વિશ્લેષણ કરી સૂચનો કરવાનું છે.

### 5.2. ડેટાનો પ્રકાર અને સ્ત્રોત

આ અભ્યાસમાં Secondary Dataનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મુખ્ય ડેટા સ્ત્રોતો નીચે મુજબના સ્થાનોથી લેવામાં આવ્યા છે.

UNDP – Human Development Reports

NITI Aayog – SDG Index અને અન્ય અહેવાલો

Economic Survey of India

National Statistical Office

### 5. 3. અભ્યાસ સમયગાળો:

2020 થી 2024 તથા જ્યાં જરૂરી હોય ત્યાં 2047 સુધી આગાહી કરવામાં આવી છે.

### 5. 4. મુખ્ય શબ્દો (Keywords)ની વ્યાખ્યા:

i. ભારતનું વિકાસ વિઝન: - વિકસિત ભારત : 2047 એટલે ભારતે જે વિકસિત દેશ તરીકે ધ્યેય રાખેલ છે તે.

ii. માનવ વિકાસ સૂચકાંક: માનવ વિકાસ સૂચકાંક એટલે UNDP દ્વારા બહાર પાડવામાં આવતો HDI રિપોર્ટ

iii. જીવન અપેક્ષા: જીવન અપેક્ષા એટલે કોઈ દેશમાં જન્મેલ વ્યક્તિ સરેરાશ કેટલા વર્ષ જીવી શકે તેવી અપેક્ષા રાખવામાં આવે છે તે દર્શાવતો આંકડો.

iv. શિક્ષણ સૂચકાંક: શિક્ષણ સૂચકાંકના બે મુખ્ય ઘટકોનો સમાવેશ થાય છે. 1. અપેક્ષિત શિક્ષણ વર્ષો, જેમાં બાળક શિક્ષણ વ્યવસ્થામાં પ્રવેશ કર્યા બાદ સરેરાશ કેટલા વર્ષ ભણશે તેની અપેક્ષા.અને 2. સરેરાશ શિક્ષણ વર્ષો, જેમાં વાસ્તવમાં કેટલા વર્ષ ભણતર મેળવ્યું છે તેનું સરેરાશ.

v. પ્રતિ વ્યકિત આવક: પ્રતિ વ્યકિત આવક એટલે કોઈ દેશની કુલ રાષ્ટ્રીય આવકને તેની કુલ વસ્તીથી ભાગવાથી મળતી સરેરાશ આવક.

## 6. Results/Discussion:

### 6.1 સરકારની નીતિ

### 6.1.1. આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના

આયુષ્માન ભારત (PM-JAY) ભારત સરકારની વિશ્વની સૌથી મોટી સરકારી આરોગ્ય વીમા યોજના છે, જેનો ઉદ્દેશ ગરીબ અને વંચિત પરિવારોને મફત આરોગ્ય સુરક્ષા આપવાનો છે. તેની શરૂઆત 23 સપ્ટેમ્બર, 2018માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર

દ્વારા કરવામાં આવી હતી. લાભાર્થીમાં ગરીબ પરિવારોને આવરી લેવામાં આવ્યા છે. વીમા કવચ પ્રતિ પરિવાર પ્રતિ વર્ષ ₹5 લાખ સુધી અને પરિવારના સભ્યોની સંખ્યા પર કોઈ મર્યાદા રાખવામા આવેલ નથી.

રાષ્ટ્રીય અમલીકરણ એજન્સી તરીકે National Health Authority છે. સરકારી તથા પસંદગીની ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી શકાય છે. યોજના હેઠળ આવરી લેવાતી સેવાઓમાં હૃદયરોગ અને ન્યુરો સર્જરી, કેન્સર સારવાર, કિડની ડાયાલિસિસ, ઓર્થોપેડિક અને જનરલ સર્જરી, માતા અને બાળક આરોગ્ય સેવાઓ, ICU અને ગંભીર રોગોની સારવાર વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજનાનુ HDIના સંદર્ભમાં મહત્વ જોઈએ તો, જીવન અપેક્ષામાં સુધારો, આરોગ્ય ખર્ચથી ગરીબીમાં જવાથી બચાવ, માનવ વિકાસ સૂચકાંકના આરોગ્ય ઘટકને મજબૂતી, સમાન આરોગ્ય વ્યવસ્થા તરફનું પગલું અને વિકસિત ભારત 2047ના ધ્યેય સાધવાના સંબંધમાં સર્વજન આરોગ્ય સુરક્ષા, ટકાઉ માનવ વિકાસમાં મદદ કરે છે. આમ, આ યોજના માનવ વિકાસ આંકને ખુબજ સારી અસર પહોચાડી છે.

### 6.1.2. સમગ્ર શિક્ષા અભિયાન ( Samagr Shiksha Abhiyan )

સમગ્ર શિક્ષા અભિયાનની શરૂઆત 2018માં ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. આ યોજનામાં જૂની કેટલીક યોજના મર્જ કરવામાં આવી છે. જેમાં સર્વ શિક્ષા અભિયાન (SSA), રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન આમ, સમગ્ર શિક્ષા અભિયાન ભારત સરકારની એકીકૃત શિક્ષણ યોજના છે, જેનો હેતુ શાળા શિક્ષણની ગુણવત્તા, સમાનતા અને સર્વવ્યાપકતા સુનિશ્ચિત કરવાનો છે.

ભારતમાં HDI સાથે સંબંધ તપાસીએ તો Education Indexમાં સુધારો, સાક્ષરતા દરમાં વધારો, માનવ વિકાસ સૂચકાંકના શિક્ષણ ઘટકને મજબૂતી, લાંબા ગાળે આર્થિક અને સામાજિક વિકાસને ગતિ આપવી, વિકસિત ભારત 2047 સાથે કુશળ માનવ સંસાધન નિર્માણ, જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થા, ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા ટકાઉ વિકાસમાં મદદરૂપ થાય છે.

### 6.1.3. ડિજિટલ ઈન્ડિયા અને સીધી લાભ હસ્તાંતરણ યોજના(DBT)

ડિજિટલ ઈન્ડિયા અને DBT ભારત સરકારની બે મહત્વપૂર્ણ પહેલો છે, જે પારદર્શિતા, કાર્યક્ષમતા અને સમાવેશક વિકાસ દ્વારા શાસન વ્યવસ્થાને મજબૂત બનાવીને જીવન ધોરણને વધુ સારું બનાવે છે. ડિજિટલ ઈન્ડિયાની શરૂઆત 1 જુલાઈ, 2015 ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ

અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી. તેનો ઉદ્દેશ ભારતને ડિજિટલ રીતે સશક્ત અર્થવ્યવસ્થા બનાવવાનો છે. તે ભારતના HDIમાં શિક્ષણ, આરોગ્ય અને સેવાઓ સુધી સરળ પહોંચમાં મદદ થાય છે.

DBT - સીધી લાભ હસ્તાંતરણ યોજનાની શરૂઆત 1 જાન્યુઆરી, 2013માં કરવામાં આવી છે. તેનો મુખ્ય ઉદ્દેશ સરકારી લાભો સીધા લાભાર્થીના બેંક ખાતામાં પહોંચાડવાનો છે. આ યોજના અંતર્ગત આવરી લેવાતી યોજનાઓમાં LPG સબસિડી, PM-KISAN, વૃદ્ધાવસ્થા/વિધવા પેન્શન, સ્કોલરશિપ્સ, મનરેગા મજૂરી વગેરેના નાણાં સીધા લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે. આ યોજનાથી લીકેજ અને ભ્રષ્ટાચાર ઘટાડો કરી શકાય છે, પારદર્શિતા અને સમયસર ચુકવણી થાય છે અને વંચિત વર્ગો સુધી લાભોની પહોંચ વધારી શકાય છે.

### 6.1.4 સરકારની નીતિ અને HDI પર તેની અસર

ભારત સરકાર દ્વારા લોક કલ્યાણને ધ્યાને રાખીને વિવિધ યોજના અને પહેલો ચાલુ કરવામાં આવેલ છે. જેમાથી મુખ્ય આયુષ્યમાંન ભારત, સમગ્ર શિક્ષા અભિયાન અને ડિજિટલ ઈન્ડિયા એન્ડ DBT જેવી ત્રણ યોજનાનો પ્રવાભ તપાસવામાં આવ્યો છે.

| સરકારની નીતિ | HDI પર તેની અસર | HDIના ક્યાં ક્ષેત્રને તેની અસર |
|---|---|---|
| આયુષ્માન ભારત | આરોગ્ય પહોંચમાં વધારો | Life Expectancy સુધારો |
| સમગ્ર શિક્ષા અભિયાન | શિક્ષણ ગુણવત્તા અને આવરણ | Education Index સુધારો |
| ડિજિટલ ઈન્ડિયા & DBT | આવક અને સેવાઓ સુધી પહોંચ | Income Index સુધારો |

આમ, ઉપરના કોષ્ઠકના આધારે જાણી શકાય છે. કે, ભારત સરકારની આયુષ્યમાન ભારત યોજનાથી આરોગ્યમાં સારો એવો સુધારો જોવા મળ્યો છે. જેનાથી HDI માં અપેક્ષિત આયુષ્યમાં વધારો થયેલો જોવા મેળ છે. સમગ્ર શિક્ષા અભિયાનથી ભારતમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો નોંધાયો છે. જેથી એડ્જ્યુકેશન ઈન્ડેક્ષમાં સુધારો થયો છે. જ્યારે ડિજિટલ ઈન્ડિયા જેવી પહેલથી ભારતમાં આવક અને સેવાઓ સુધી પહોંચ વધી જેનાથી INCOME INDEXમાં સુધારો જોવા મળ્યો છે.

### 6.1.5. HDI રિપોર્ટ અને ભારત

UNDP દ્વારા દર વર્ષે HDI રિપોર્ટ જાહેર કરવામાં આવે છે. તેમાં મુખ્ય ત્રણ ઇન્ડિકેટ્સના મૂલ્યના આધારે HDIનું મૂલ્ય નક્કી કરવામાં આવે છે. જેમાં Life Expectancy (Year) , Expected Years of Schooling, Mean Years Of schooling, Gross National Income per capita જેવા

મુદ્દાને આવરી લેવામાં આવે છે. તેના આધારે વિશ્વના દેશોને ક્રમ આપવામાં આવે છે. અહી વર્ષ 2020 થી 2023 સુધીના વર્ષની માહિતીનું પૃથ્થકરણ કરવામાં આવ્યું છે.

| YEARS | 2020 | 2021 | 2022 | 2023 |
|---|---|---|---|---|
| **Rank** | 131 | 143 | 133 | 130 |
| **HDI Value** | 0.652 | 0.647 | 0.676 | 0.685 |
| **Life Expectancy (Year)** | 70.2 | 67.3 | 71.70 | 72 |
| **Expected Years of Schooling** | 12.1 | 12.4 | 13.00 | 13.00 |
| **Mean Years Of schooling** | 6.5 | 6.5 | 6.6 | 6.9 |
| **Gross National Income per capita** | 7332 | 7993 | 8476 | 9047 |

સોર્સ – UNDP વેબસાઇટ

- ભારતનો HDIમાં વૈશ્વિક ક્રમ - વર્ષ 2020 થી 2023 સુધીમાં વૈશ્વિક કક્ષાએ ભારતના માનવ વિકાસ આંકના રિપોર્ટમાં ચઢાવ ઉતાર જોવા મળે છે. જેમાં 2020માં ભારતનો HDI ક્રમ 131મો હતો. જે વર્ષ 2021માં પાછળ 143માં ક્રમે ધકેલાયો હતો. 2022માં ફરી સુધારો થયો અને 133માં ક્રમે ભારત રહ્યું હતું. અને 2023માં ભારત 130માં ક્રમે રહ્યું છે.
- ભારતનું HDI વેલ્યૂ - UNDP દ્વારા દર વર્ષે માનવ વિકાસ આંક બહાર પાડવામાં આવે છે. તેમાં દરેક દેશને 0 થી 1 ની વચ્ચે મૂલ્ય નક્કી કરવામાં આવે છે. કોઈ દેશનું મૂલ્ય 1 થી નજીક તેમ તે દેશનો વિકાસ સારો થયો છે એમ માનવામાં આવે છે. અને જેમ 0 થી નજીક તેમ તે દેશનો વિકાસ ઓછો થયો છે તેમ માનવામાં આવે છે. ભારતમાં વર્ષ 2020માં HDI વેલ્યૂ 0.652 હતી. જે મધ્યમ વિકાસ સૂચવે છે. 2021માં ભારતનું HDI મૂલ્ય ઘટીને 0.647 થવા પામ્યું હતું. આ સમયે કોરોના જેવી વૈશ્વિક મહામારીને કારણે આમ થવા પામેલ હતું. 2022માં ફરી HDI મૂલ્યમાં સુધારો જોવા મળે છે અને 2023માં પણ HDI મૂલ્ય વધીને 0.685 સુધી પહોચી શક્યા છીએ.
- Life Expectancy (Year) - આરોગ્યના માપદંડ તરીકે UNDP દ્વારા માનવીના Life Expectancy (Year)ના આંકને ધ્યાનમાં લેવામાં આવે છે. ભારતમાં 2020માં ભારતના નાગરીકની સરેરાશ આયુષ્ય 70.2 વર્ષ હતું. તે ઘટીને 2021માં 67.3 જેટલું રહેવા પામ્યું હતું. તેનું મુખ્ય કારણ કોરોના મહામારી હતી. ફરી 2022માં સરેરાસ આયુષ્ય 71.7 જેટલું થવા

પામ્યું હતું. અને  2023માં સરેરાશ આયુષ્ય 72 વર્ષ જેટલું થયું છે. આમ છેલ્લા વર્ષોમાં ભારતનું સરેરાશ આયુષ્યમાં વધારો જોવા મળે છે.

- Expected Years of Schooling - UNDP દ્વારા શિક્ષણના માપદંડ માટે મુખ્ય બે પેટા માપ દંડ લેવામાં આવે છે. તેમાથી એક Expected Years of Schooling છે. ભારતમાં વર્ષ 2020માં Expected Years of Schoolingનો આંક 12.1 વર્ષ હતો. તે ક્રમશઃ 2021,2022 અને 2023માં વધતો ગયો છે. જેમાં 2023માં Expected Years of Schooling આંક 13 વર્ષ સુધી પહોંચ્યો છે.
- Mean Years Of schooling - UNDP દ્વારા શિક્ષણના માપદંડ માટે મુખ્ય બે પેટ માપ દંડ લીધેલા છે તેમાથી એક Mean Years Of schooling છે. ભારતમાં વર્ષ 2020માં Mean Years Of schoolingનો આંક 6.5  વર્ષ હતો. તે ક્રમશઃ 2021,2022 અને 2023માં વધતો ગયો છે. જેમાં 2023માં Mean Years Of schooling આંક  6.9 વર્ષ સુધી પહોંચ્યો છે.
- Gross National Income per capita - UNDP દ્વારા HDI રિપોર્ટમાં જીવન ધોરણ માપવા માટે માથાદીઠ આવકને ધ્યાનમાં લેવામાં આવે છે. આ આવક US ડોલરમાં ગણતરી કરવામાં આવે છે. ભારતમાં 2020માં HDI રિપોર્ટ પ્રમાણે માથાદીઠ આવક 7332 ડોલર હતી. તે ક્રમશઃ વધતી ગઈ છે. અને 2023માં આ માથાદીઠ આવક 9047 ડોલર થવા પામી છે.

**6.1.6 સંશોધન પ્રશ્નોના જવાબ**

આ સંશોધનમાં મુખ્ય ત્રણ સંશોધન પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યા હતા. જેમના જવાબો નીચે પ્રમાણે મળેલા છે.

RQ1. ભારતે છેલ્લા પાંચ વર્ષમાં માનવ વિકાસ સૂચકાંક (HDI) માં કેટલો અને કઈ દિશામાં પ્રગતિ કરી છે?

A - ભારતે છેલ્લા પાંચ વર્ષમાં માનવ વિકાસ સૂચકાંક (HDI)માં 2020માં 0.652 વેલ્યૂ સાથે 131માં ક્રમે હતો. જે 2021માં મૂલ્યમાં ઘટાડો નોધાયો 0.647 સાથે 143 ક્રમે ભારત ધકેલાયું હતું. પરંતુ ત્યાર બાદ ભારતે સુધારા સાથે વર્ષ 2023માં 0.676 વેલ્યૂ સાથે 133મો ક્રમ મેળવ્યો અને 2023માં 0.685 વેલ્યૂ સાથે 130મો ક્રમ મેળવ્યો હતો. આમ છેલ્લા પાંચ વર્ષમાં ભારતના માનવ વિકાસ સૂચકાંકમાં ચઢાવ ઉતાર આવેલ છે અને છેલ્લે સુધારાની કઈ દિશામાં પ્રગતિ કરી છે.

RQ2. મુખ્ય સરકારી નીતિઓ જેમ કે આયુષ્માન ભારત, સર્વશિક્ષા અભિયાન અને ડિજિટલ ઇન્ડિયા HDIના ઉપસૂચકો પર કેવી અસર કરે છે?

A – ભારત સરકારની વિવિધ યોજના અને પહેલનો HDI રિપોર્ટ પર હકારાત્મક અસર જોવા મળી છે. આયુષ્યમાન ભારત યોજનાથી આરોગ્યમાં સારો એવો સુધારો જોવા મળ્યો છે જેનાથી HDIમાં અપેક્ષિત આયુષ્યમાં વધારો થયેલો જોવા મેળ છે. સમગ્ર શિક્ષા અભિયાનથી ભારતમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો નોંધાયો છે. જેથી એડ્જ્યુકેશન ઈન્ડેક્ષમાં સુધારો થયો છે. જ્યારે ડિજિટલ ઈન્ડિયા જેવી પહેલાથી ભારતમાં આવક અને સેવાઓ સુધી પહોંચ વધી જેનાથી INCOME INDEX માં સુધારો જોવા મળ્યો છે.

RQ3. વિકસિત ભારત 2047ના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વર્તમાન HDI વૃદ્ધિ દર પૂરતો છે કે નહીં?

A – વિકસિત ભારત 2047ના લક્ષને પ્રાપ્ત કરવા માટે વર્તમાનમાં જે વૃદ્ધિ દરથી HDIમાં વધારો થાય છે તે ટ્રેન્ડ યોગ્ય છે. 2023નો ડેટા દર્શાવે છે કે HDI વધુ તેજીથી વધી રહ્યો છે 0.685 સુધી પહોંચ્યો, જે medium development કેટેગરીમાં છે પરંતુ high development 0.700+ ની બાજુમાં છે તે એક સારી બાબત છે. જે ટ્રેન્ડથી વર્તમાનમાં ભારતના HDI વૃદ્ધિ થાય છે તે પ્રમાણે અન્ય કોઈ કુદરતી આપતી કે માનવ સર્જિત દુરઘટના ન થાય તો 2047 સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્રની તુલનામાં HDI આંક મેળવી શકશે.

**6.1.7 વિકસિત ભારત : 2047 સુધી HDI સુધારણા માટે વ્યૂહાત્મક સૂચનો**

આ સંશોધનના આધારે વિકસિત ભારત 2047 સુધીના HDIના સુધારણા માટે નીચે મુજબના વ્યૂહાત્મક સૂચનો આપવામાં આવે છે.

I. આરોગ્ય અને આયુષ્યમાં સુધારો કરવા માટે આરોગ્ય માટેની લોક જાગૃતિ લાવવી જોઈએ. પ્રાથમિક આરોગ્ય સેવાઓની અપૂરતી પહોંચ, કુપોષણ અને પર્યાવરણીય પડકારો ભારતના આયુષ્ય સૂચકાંકને અસર કરે છે. તેથી ભારત અને રાજયોની સરકારોએ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સનું વિસ્તરણ, આયુષ્માન ભારત યોજનાનું મજબૂતીકરણ અને પ્રતિરોધાત્મક આરોગ્ય સેવાઓ પર ભાર મૂકવો જરૂરી છે.

II. ભારતમાં શિક્ષણ ક્ષેત્રમાં ગુણવત્તા, ડિજિટલ ટેક્નોલૉજી અને રોજગારક્ષમતા મુખ્ય પડકારો છે. સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નો અસરકારક અમલથી મૂળભૂત સાક્ષરતા તેમજ ઉચ્ચ શિક્ષણમાં સંશોધન અને નવીનતા સાથે શિક્ષણ સૂચકાંક સુધારી શકાય છે.

તેના માટે શિક્ષણનું રાષ્ટ્રીય કરણ કરવું જોઈએ અર્થાત ખાનગી શિક્ષણ સંસ્થાને સરકાર હસ્તક લેવી જોઈએ.

III. જીવનસ્તર સુધારવા માટે પ્રતિવ્યક્તિ આવકમાં વધારો થાય તેવા પ્રયત્ન કરવા જોઈએ. તેના માટે કૌશલ્ય વિકાસ, MSME ક્ષેત્રનું સશક્તિકરણ, મહિલા શ્રમશક્તિ ભાગીદારી અને હરિત રોજગાર મહત્વપૂર્ણ છે. તેનો વિકાસ કરવો જોઈએ.

IV નીતિગત ભલામણોમાં HDI સૂચકો સાથે જોડાયેલ પરિણામ આધારિત બજેટિંગ ફાળવવું જોઈએ. કેન્દ્ર-રાજ્ય વચ્ચે સહકાર વધે તેવી નીતિ બનાવવી જોઈએ. જાહેર, ખાનગી અને સમુદાય ભાગીદારીને પ્રોત્સાહન આપવું જોઈએ. ટકાઉ વિકાસ મોડલ આપવાનવું જોઈએ.

## 7. Conclusion

વિકસિત ભારત: 2047એ ભારત સરકાર દ્વારા ભારતની રાજકીય આઝાદીના 100 વર્ષ પૂર્ણ થવાના હોવાથી ધ્યેય નક્કી કરવામાં આવ્યું છે. આ ધ્યેયને પહોચી વળવા માટે માનવ વિકાસ આંકમાં સુધારો લાવવો ખુબજ મહત્વનો છે. જેમાં આરોગ્ય, શિક્ષણ, આવક અને સમાવેશક શાસનમાં સંકલિત અને ટકાઉ રોકાણ દ્વારા ભારત ઉચ્ચ માનવ વિકાસ શ્રેણીમાં પ્રવેશ કરી શકે છે. "વિકસિત ભારત 2047" ભારતને સ્વતંત્રતાના 100 વર્ષ સુધીમાં એક વિકસિત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવાની રાષ્ટ્રીય દૃષ્ટિ છે. સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા વિકસિત માનવ વિકાસ સૂચકાંક આરોગ્ય, શિક્ષણ અને જીવનસ્તર જેવા ત્રણે મૂળભૂત પરિમાણો દ્વારા દેશની વિકાસ સ્થિતિનું મૂલ્યાંકન કરે છે. આ સંશોધન પેપર ભારતની વર્તમાન HDI સ્થિતિ, તેમાં રહેલી રચનાત્મક પડકારો અને 2047 સુધી HDI સુધારણા માટે જરૂરી વ્યૂહાત્મક નીતિગત સૂચનોનું વિશ્લેષણ કરેલ છે.

## References:


- United Nations Development Programme. (2020 to 2024). Human development report 2020 to 2023–24: Uncertain times, unsettled lives—Shaping our future in a transforming world. UNDP.
- NITI Aayog. (2022). India’s SDG index 2020–21: Partnerships in the decade of action. Government of India.
- Ministry of Finance, Government of India. (2020 to 2024). Economic survey 2023–24 Government of India.
- National Statistical Office. (2024). Statistical year book India 2020-21 to 2023–24. Ministry of Statistics and Programme Implementation, Government of India.